ભાગ-૪

# ‘અંકુર’

- ‘અંકુર’ના ઇતિહાસમાં ડોકિયું
- ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ?
- ‘અંકુર’નું બીજ મુરઝાતાં મુરઝાતાં રહી ગયું
- ‘અંકુર’નું પોતીકા મકાનનું સપનું સિદ્ધ થયું
- ‘અંકુર’ શાળા : નેતૃત્વ અને પડકાર







# ‘અંકુર’ના ઇતિહાસમાં ડોકિયું

## શાળા શરૂ કરવાનું સહેલું પરંતુ ચલાવવાનું મુશ્કેલ

મંદબુદ્ધિવાળા બાળકોને જીવનમાં પુનઃસ્થાપિત થવાની તાલીમ આપતી ‘અંકુર’એ ભાવનગર જિલ્લાની એક માત્ર શાળા છે. દરબારગઢ વોર્ડ-નવજવાન સંઘમાંથી જેમ બહેરાં મૂંગાં શાળાની સ્થાપના થઈ, એવી જ રીતે ‘અંકુર’ શાળાની સ્થાપના થઈ છે. બહેરાં મૂંગાં શાળામાં બહેરાશની તપાસ માટે અદ્યતન ઓડિયોલોજી અને સ્પીચ પેથોલોજી સેન્ટર ખુલ્લું મૂક્યું એટલે સાંભળવાની અને બોલવાની ખામી ધરાવતાં બાળકોની સાથે મંદબુદ્ધિ બાળકો પણ તપાસ માટે આવવા લાગ્યાં. સામાન્ય લોકોને શ્રવણમંદ અને મંદબુદ્ધિ વચ્ચે બહુ તફાવત જણાતો નથી એટલે મંદબુદ્ધિ બાળકોનાં વાલીઓ બહેરાં મૂંગાં શાળામાં બાળકને દાખલ કરવાનો આગ્રહ કરતા પણ તેને ના પાડવામાં આવતી ત્યારે પ્રશ્ન થતો કે, ‘તો પછી અમારે જવું કયાં?’

જિલ્લામાં આવા બાળકો માટે કોઈ સંસ્થા ન હતી એટલે આવા બાળકોના પરિવારની હાલત દયા જનક બની રહેતી. તેમાં પણ મંદબુદ્ધિવાળી દીકરીઓનાં માબાપ તેની ચિંતામાં પોતાની સામાજિક અને માનસિક સમતુલા ગુમાવી બેસતાં. આવા વાલીઓમાં ભાવનગરના કલેકટર બૂચસાહેબ પણ એક હતા.વાલીઓની આ વાત સમાજ સુરક્ષા ખાતા સુધી પહોંચી. ખાતાનાં ડેપ્યુટી ડાયરેક્ટર કુ. દિવ્યાબહેન મારવાડી એક સંવેદનશીલ અધિકારી હતાં. મંદબુદ્ધિ બાળકોની એક શાળા ભાવનગરમાં શરૂ કરવા તેમનો પણ આગ્રહ હતો, પરંતુ તે સમયે બહેરાં મૂંગાં શાળામાં જ અમે આર્થિક ભીંસ અનુભવતા હતા ત્યારે ઉત્સાહના આવેશમાં આવીને વધુ એક શાળાની જવાબદારી લેવી કે નહીં તેની દ્વિધા ચાલતી હતી. શાળા શરૂ કરવાનું સહેલું, પરંતુ ચલાવવાનું મુશ્કેલ જણાતુ હતું.

દરમ્યાન, ૧૯૭૭માં પથ્થર હ્રદયને પણ પિગળાવી દે એવી એક ઘટના બની, જે સાંભળીને મારું હ્રદય કંપી ઉઠયું.

## ‘મારે તમને એકાંતમાં મળવું છે’

દરબારગઢ વોર્ડમાં ઘોઘાગેટ પાસે હુમ્મડના ડેલામાં એક ગાંધીભાઈ રહે. હું મ્યુનિસિપલ ચૂંટણી લડયો ત્યારથી મારે તેની સાથે ઓળખાણ. એક દિવસ ગાંધીભાઈનો ફોન આવ્યો, ‘મારે તમને એકાંતમાં મળવું છે.’ મેં સમય આપ્યો, એ બહેરાં મૂંગાં

શાળામાં આવ્યા. ગાંધીભાઈને તેની ૧૨ અને ૧૪ વરસની બે મંદબુદ્ધિની દીકરીઓની ચિંતા હતી. બંને ખૂબ જ હાયપર એક્ટિવ. સુધારો થશે એવી આશામાંને આશામાં દંપતીએ પ્રેમથી બંને ને મોટી કરી પરંતુ હવે પતિ પત્ની થાકયાં હતાં. પોતે ડિસ્ટ્રિકટ કો. બેંકમાં નોકરી કરે. બેંકમાં સમયસર પહોંચવુ પડે. ઘર પહેલા માળે હતું. એ બેંકમાં જાય પછી નળમાં પાણી આવે. પત્ની પાણી ભરવા નીચે આવે ત્યાં રસોડામાં રાંધેલા દાળશાકની તપેલીઓ આ દીકરીઓ ઊંધી કરીને લીપણ કરી નાંખે. દીકરીઓની આવી કેટકેટલી હરકતોને કારણે દંપતી સમાજથી પણ વિમુખ થઈ ગયું હતું. ન કોઈના ઘરે જવાય અને ન કોઈને ઘરે બોલાવી શકાય. વળી, પોતાની હયાતી નહીં હોય ત્યાર પછી આ દીકરીઓનું શું થશે ? એ વિચાર માત્ર તેના હૃદયને કોરી ખાતો હતો. ચિંતામાં ને ચિંતામાં ઊંઘ ઊડી જતી, ત્યારે એકાંતમાં રડી રડીને રાત વિતાવતા દંપતીને હવે દીકરીઓ સાથે ઝેર ગટગટાવીને જીવનનો અંત આણવાનો વિચાર આવ્યો હતો. પોતાના હૃદયની આ વાત કરવા અને આ સમસ્યાનો કોઈ ઉપાય હોય તો જાણવાની આશા લઈને એ આવ્યા હતા. ખરું કહું તો તેને આશ્વાસનના ઠાલાં વચનો આપવા સિવાય મારી પાસે કંઈ જ ન હતું. ગાંધીભાઈ જેવા બીજા કેટલાંય વાલીઓ આવી યાતના ભોગવતા હશે એ વિચારે મને કંઈક કરવા મજબૂર કર્યો. શહેરમાં અપ્રાપ્ય સુવિધા ઊભી કરવી એ અમારું લક્ષ્ય હતું. ચર્ચા-વિચારણાને અંતે તા. ૧૪-૦૬-૭૯ ના રોજ અમે ડૉ.કૃષ્ણપ્રસાદ દોશીના ઘરે એક મીટિંગ કરી તેમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સી. એમ.વ્યાસસાહેબ, સંસ્થાનાં કાર્યકર્તાઓ અને કેટલાંક વાલીઓએ હાજરી આપી. મીટિંગમાં મંદબુદ્ધિવાળા બાળકોની એક શાળા શરૂ કરવી અને તેનું નામ 'અંકુર' રાખવું એમ નિર્ણય કર્યો.

**ખાતાનાં ડેપ્યુટી ડાયરેક્ટર કુ. દિવ્યાબહેન મારવાડી એક સંવેદનશીલ અધિકારી હતા. મંદબુદ્ધિ બાળકોની એક શાળા ભાવનગરમાં શરૂ કરવાનો તેમનો પણ આગ્રહ હતો, પંરતુ તે સમયે બહેરાં-મૂંગાં શાળામાં જ અમે આર્થિક ભીંસ અનુભવતા હતા.**



# ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ?

## ગીતા પાઠશાળામાં અંકુર શાળાની શરૂઆત

મંદબુદ્ધિવાળા બાળકોની શાળા શરૂ કરવાનો નિર્ણય તો કર્યો પરંતુ ભંડોળ ન હતું. હતો માત્ર ક્યારેય ન ખૂટે એવો ઉત્સાહ! તેમાં વળી સરકારી સહાયના નિયમો એવા હતા કે પહેલાં ખર્ચ કરો પછી બીજા વર્ષે ૬૬% ગ્રાન્ટ અને તે પણ ચાર હપ્તેથી મળે. અમે રમણીકલાલ મનોહરદાસ શાહ (લોઢાવાળા) ને કમિટીમાં લીધા હતા. રમણીકભાઈએ જશોનાથચોકમાં આવેલા તેના ગીતા પાઠશાળાના મકાનના પહેલા માળે, એક મોટો હૉલ, એક વરસ માટે વગર ભાડેથી ‘અંકુર’ શાળા માટે વાપરવા આપ્યો. બહેરાં મૂંગાં શાળાની શરૂઆત પણ આ હૉલથી જ થઈ હતી. આ હૉલમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ હતો. ઉપરાંત દાદર ઘણો સાંકડો હતો. એ બધી પ્રતિકૂળતાની અવગણના કરીને ઓગસ્ટ ૧૯૭૯માં આઠ-દસ બાળકોથી અંકુર શાળાની શરૂઆત કરી.

## દળદર ફીટવાનું નામ લેતું ન હતું

બીજમાંથી ‘અંકુર’ અને અંકુરમાંથી વટવૃક્ષ પાંગરતા કેટલીય વસંત ને પાનખર જોવી પડે તેમ-‘અંકુર’ સંસ્થાએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ઘણો લાંબો સંઘર્ષ કર્યો છે. તેમાં શાળાના શિક્ષકો, ટ્રસ્ટીઓ અને વાલીઓનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. પ્રારંભના દિવસોમાં સ્ટાફના ભાઈબહેનો પોતાની સાયકલ ઉપર બાળકોને તેના ઘરેથી લાવવા-મૂકવાનું કામ પણ હોંશેહોંશે કરતાં અને બાળકોનાં બપોરનાં

**પ્રારંભના દિવસોમાં સ્ટાફના ભાઈ-બહેનો પોતાની સાઇકલ ઉપર બાળકોને તેના ઘરેથી લાવવા- મૂકવાનું કામ પણ હોંશે હોંશે કરતાં અને બાળકોનાં બપોરનાં નાસ્તા માટે કોઈ આવે તેની કાગડોળે પ્રતિક્ષા કરતાં.**





ગીતા પાઠશાળાનાં મકાનમાં 'અંકુર'

નાસ્તા માટે કોઈ આવે તેની કાગડોળે પ્રતિક્ષા કરતાં. આ કપરી કામગીરી મુખ્યત્વે વર્ષાબહેન પટેલે સેવાભાવે સ્વીકારી હતી. તેની સાથે સહયોગમાં વીણાબહેન દવે, નયનાબહેન નાવડિયા તથા લત્તાબહેન ભાવસાર અને ભારતીબહેન ભટ્ટ વગેરે જોડાયેલાં હતાં. ટ્રસ્ટીઓ દુકાને-દુકાને ડોનેશનની પહોંચ બુક લઈને ફરતા. આમ છતાં 'અંકુર' નું દળદર ફીટવાનું નામ લેતું ન હતું.



વર્ષા પટેલ



વીણાબહેન દવે



નયનાબહેન નાવડિયા



લતાબહેન ભાવસાર



ભારતીબહેન ભટ્ટ

## ‘શૅર ઍન્ડ કૅર’ તરફથી મેટાડોર

હીરા ઉદ્યોગમાં જાણીતા દાનવીર મફતકાકાએ મને અમેરિકાની શૅર ઍન્ડ કૅર સંસ્થાનો રૅફરન્સ આપ્યો. મુખ્યત્વે ગુજરાતીઓ દ્વારા ચાલતી આ સંસ્થા માતૃભૂમિમાં જરૂરતમંદો માટે સહાય મોકલતી હતી. મેં શૅર ઍન્ડ કૅર સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. ‘શૅર ઍન્ડ કૅર’ના ચેરમેન વિજયભાઈ દલાલ અને તેમના પત્ની બહેરાં મૂંગાં શાળા તથા ‘અંકુર’ની મુલાકાત માટે આવ્યાં. ‘અંકુર’ની સમસ્યાઓ જાણી. ‘અંકુર’ શાળાનાં સદ્ભાગ્યે વિજયભાઈ શૅર ઍન્ડ કૅર તરફથી એક મેટાડોર માટે દાન આપવા સહમત થયા.

## ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ?

આવી જ રીતે એક વખત જયંતીભાઈ તળાજિયાને ‘અંકુર’ શાળા જોવા લઈ ગયો. મુંબઈમાં પ્રાર્થના સમાજ પાસે જયંતીભાઈનો ઓલવિન ડ્રાયફ્રુટ સ્ટોર હતો. આ જયંતીભાઈના યુવાન પુત્રનું કમળાનાં રોગમાં અવસાન થયુ હતુ. તેના આઘાતમાં એ લગભગ ભાંગી પડયા હતા. આ પુત્રના શ્રેયાર્થે લોઢાવાળા હોસ્પિટલમાં તેમણે માતબર દાન આપ્યું હતું. તેની પાસેથી ‘અંકુર’ માટે કંઈક મળશે એવી આશા હતી. મુંબઈ ફંડફાળા માટે જતાં ત્યારે જયંતીભાઈના ડ્રાયફ્રુટ સ્ટોર ઉપર અમારી બેઠક રહેતી એટલે જયંતીભાઈ સાથે આત્મીયતાના સંબંધો હતા. ‘અંકુર’ શાળા જોઈને તે ભાવુક બની ગયા અને



જયંતીભાઈ તળાજિયા


શાળાનું મકાન બનાવવા માટે રૂા.૧,૨૫,૦૦૦નું દાન આપવા સહમત થયા. ‘અંકુર’ માટે આ સૌથી પહેલું મોટું દાન હતું. ‘અંકુર’ શાળાનું મકાન બનાવવાનું સપનું સાકાર થવાની આશા બંધાઈ. ભાવનગરની મુલાકાત કરીને જયંતીભાઈ તેની દીકરીને મળવા વડોદરા ગયા અને ત્યાંથી રાત્રે મુંબઈ પહોંચ્યા. પત્ની ચંદ્રાબહેનને ‘અંકુર’ ની વાત કરી થાક્યાપાક્યા સૂતા તે સૂતા. ઊંઘમાં જ તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું. સાથે ‘અંકુર’નું મકાન બનાવવાની વાત ઉપર પ્રશ્નાર્થ મૂકાયો. આમ ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે! એ કહેવત સાચી પડી.



# ‘અંકુર’નું બીજ મુરઝાતાં મુરઝાતાં રહી ગયું

## આખેઆખી ‘અંકુર’ શાળા જ લઈ ગયા !

સંસ્કૃત પાઠશાળામાં બેસવાની મુદતનું એક વરસ પૂરું થઈ ગયું. ભાડાનું મકાન રાખવાની શકિત ન હતી. તે દરમ્યાન રૂવાપરી માતાજીના મંદિર પાસે યોગેશ્વર મંદિરમાં શાળા માટે વગર ભાડાના ગોડાઉનની ઓફર આવી. પરંતુ લાંબું અંતર અને અંધારિયા ગોડાઉનમાં શાળા ચલાવવાનું યોગ્ય ન લાગ્યું. હવે શાળાને કયાં લઈ જવી - એ સમસ્યા ચાલતી હતી. તેમાં વળી સમયસર પગાર નહીં મળતા ‘અંકુર’નાં કર્મચારીઓએ હડતાલ પાડી માંડવો નાંખ્યો. હડતાલનું નેતૃત્વ એક બેંક યુનિયનના કાર્યકર કરતા હતા. ગમે તેમપણ આ હડતાલ એક દુઃખદ ઘટના હતી. તેને કારણે સંસ્થાનાં કાર્યકર્તાઓના મન ખાટા થઈ ગયાં.



હજી આ ઘટનાની કળ વળી ન વળી ત્યાં સમાજ સુરક્ષા ખાતાના નિયામક રસિકભાઈ ત્રિવેદીએ ભાવનગરમાં પડાવ નાખ્યો. ‘અંકુર’ શાળા, રેડક્રોસને સોંપી દેવાનો એક વિચિત્ર પ્રસ્તાવ લઈને તે આવ્યા હતા. અમે લોઢાવાળા હોસ્પિટલમાં તેની સાથે મીટિંગ કરી. રસિકભાઈ ત્રિવેદીની નિષ્ઠા માટે સારો અભિપ્રાય ન હતો અને તેમાં વળી રેડક્રોસના બહુ ગવાયેલા પ્રમુખ ડૉકટર શિરીષ ભૂવા અને પેલા યુનિયનના નેતા ભળ્યા હતા. સાથોસાથ અમારું નાક દબાવવા નિયામક કચેરીએ ‘અંકુર’ની ગ્રાન્ટ રોકી દીધી. રેડક્રોસમાં જવાથી ફાયદો થશે એવા પ્રલોભન સ્ટાફને અપાયા તેનાથી ભોળવાઈને કર્મચારીઓ એક વ્યવસ્થિત ષડયંત્રનો ભોગ બની ગયાં. અંતે વર્ષ ૧૯૮૫માં રેડક્રોસવાળા આખે આખી ‘અંકુર’ શાળા જ લઈ ગયા! સરકારના આદેશ મુજબ ગ્રાન્ટમાંથી વસાવેલી સાધનસામગ્રી રેડક્રોસને સોંપી દીધી. ડૉ.ભૂવાને વધુ રસ હતો ‘અંકુર’ની મેટાડોરમાં, એ મળ્યું નથી એમ જાણીને તેના ફોન ઉપર ફોન આવવા લાગ્યા. મેટાડોર સરકારની ગ્રાન્ટમાંથી વસાવ્યું નથી એટલે આપવાનો પ્રશ્ન રહેતો ન હતો એ જાણીને તેઓ નારાજ થયા.

## ‘અંકુર’નું બીજ મુરઝાતાં મુરઝાતાં રહી ગયું

રેડક્રોસ સોસાયટીના મકાનમાં ‘અંકુર’ શાળાને બેસાડવાની જગ્યા ન હતી. સંચાલકોએ માણેકવાડી અખાડામાં શાળા ચલાવવાની કામચલાઉ વ્યવસ્થા ગોઠવી. શાળા માટે અખાડાનું સ્ટેજ અને પાછળના ઓરડા ફાળવવામાં આવ્યા. કર્મચારીઓએ હાજરી પૂરવા દિવાનપરા રોડ ઉપર આવેલ રેડક્રોસની ઓફિસમાં જવાનું અને કામ કરવા જવાનું દોઢ કિલોમીટર દૂર અખાડામાં! એ વિવાદ હજુ ચાલતો હતો ત્યાં કોઈ અગમ્ય કારણોસર વીણાબહેન દવેને નોકરીમાંથી છુટા કરવાનું ફરમાન થયું, એ મૂંઝાયાં. રાત્રે મારા ઘરે આવીને રડતાં રડતાં વીતક કથા સંભળાવી. વાત ઘણી ગંભીર હતી. મેં અમદાવાદ એડવોકેટ રશેષ ઓઝા સાથે ફોનથી વાત કરી. વીણાબહેનનો નિમણૂક પત્ર અને ગ્રાન્ટ ઈન એઈડ એક્ટની જોગવાઈઓ મુજબ તેને છૂટા કરી શકાય નહીં તે વાત તેને સમજાવી. બીજા દિવસે વીણાબહેનને નોકરીમાંથી છૂટા નહીં કરવાનો હાઈકોર્ટે સ્ટે ઓર્ડર આપ્યો.

**રેડક્રોસે ‘અંકુર’ને ચલાવાની અક્ષમતા બતાવી સરકારને શાળા પાછી સોંપી દીધી.**

# રાકેશ રાઠોડ
# અક્ષમ માંથી સક્ષમ

**‘અંકુર’ શાળા ફરી સંભાળી લેવા આગ્રહ કર્યો ‘છોરું કછોરું થાય’- એમ સમજી ‘અંકુર’ ફરી પાછી સંભાળવાનો નિર્ણય કર્યો અને અંકુરનું બીજ મુરઝાતાં મુરઝાતાં રહી ગયું.**

વીણાબહેનનાં માથેથી ઘાત ગઈ. પૂરા ૫૮ વરસ તેણે નોકરી કરી. માનસિક ત્રાસ, ભય અને અસાલમતીને કારણે અંતે સ્ટાફ કંટાળ્યો. ઊલમાંથી ચૂલમાં પડયા જેવું લાગવા માંડયું. બીજી તરફ રેડક્રોસે ‘અંકુર’ને ચલાવાની અક્ષમતા બતાવી સરકારને શાળા પાછી સોંપી દીધી એટલે ભાવનગર એસ.ડી.ઓ.ને માથે જવાબદારી આવી પડી. તેની પાસે ‘અંકુર’ શાળાના બાળકોને બેસાડવાની જગ્યા ન હતી. ‘અંકુર’ના વાલીઓ, બાળકો અને સ્ટાફ આમ તેમ ફાંફાં મારે. શાળા બંધ થવાની સ્થિતિનું નિર્માણ થયું. હર્ષા પટેલ, વીણાબહેન દવે, લત્તાબહેન ભાવસાર, નયનાબહેન, રૂકૈયાબહેન વગેરેને નોકરી જવાનો ભય લાગ્યો. અમને ‘અંકુર’ શાળા ફરી સંભાળી લેવા આગ્રહ કર્યો. ‘છોરું કછોરું થાય’-એમ સમજી ‘અંકુર’ શાળા ફરી પાછી સંભાળવાનો નિર્ણય કર્યો અને અંકુરનું બીજ મુરઝાતા મુરઝાતા રહી ગયું.



અમારી ‘અંકુર’ શાળાનો વિદ્યાર્થી રાકેશ રાઠોડ મંદબુદ્ધિ છે. જોકે હવે તેને ઈન્ટેલેકચ્યુઅલ ડિસેબલ્ડ કહેવામાં આવે છે. જે કહો તેનાથી તેને કાંઈ ફરક પડવાનો નથી.

**કહેવાતો મંદબુદ્ધિ રાકેશ. પ્રેકટિસ વગર પણ ઉતર્યો સ્પર્ધામાં અને કમાલ તો ત્યારે થઈ જ્યારે બીજા નંબરે આવીને તેણે સિલ્વર મેડલ મેળવ્યો ! પોતાની જાતને અક્ષમમાંથી સક્ષમ સાબિત કરનાર રાકેશનું ગુજરાત સરકારે પણ સન્માન કર્યું.**

ફરક તો ત્યારે પડયો જયારે તેણે તેની જાતને અક્ષમમાંથી સક્ષમ પુરવાર કરી બતાવી.

મંદબુદ્ધિ અને પાછો મૂંગો રાકેશ જન્મથી નબળો હતો. ચાર-પાંચ વર્ષે તો માંડ કરીને ચાલતા શીખેલો. મા-બાપે ‘અંકુર’માં મૂકયો. સમજણશકિત, રીતભાત અને શિષ્ટાચાર સાથે શરીર કસાયુ. સાઈકલિંગનો શોખ લાગ્યો. જિલ્લાકક્ષાએથી રાજયકક્ષાએ અને રાજયમાંથી રાષ્ટ્રીયકક્ષાએ સાઈકલિંગમાં પ્રથમ! ચારે તરફ વાહ વાહ થઈ ગઈ.

નેશનલ લેવલે ઝળકેલા રાકેશની ૨૦૧૫-૧૬માં ઑસ્ટ્રેલિયા ખાતે ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સમાં સાઈકલિંગ માટે પસંદગી થઈ. પરંતુ મેદાન ઉપર પહોંચ્યો ત્યારે કમનસીબે રમત બદલાય ગઈ. રાકેશને સાઈકલિંગને બદલે મૂકી દીધો રનિંગમાં! કોઈ સમધારણ ખેલાડી આ ન સ્વીકારે. પરંતુ આ તો કહેવાતો મંદબુદ્ધિ રાકેશ. પ્રેકટિસ વગર પણ ઉતર્યો સ્પર્ધામાં અને કમાલ તો ત્યારે થઈ જયારે બીજા નંબરે આવીને તેણે સિલ્વર મેડલ મેળવ્યો! પોતાની જાતને અક્ષમમાંથી સક્ષમ સાબિત કરનાર રાકેશનું ગુજરાત સરકારે પણ સન્માન કર્યું.

૨૫ વર્ષની ઉંમરનો રાકેશ આજે તેની શાળા ‘અંકુર’માંજ એટેન્ડન્ટની કામગીરી બજાવે છે. કાગળોને ફાઈલ કરવામાં તેની માસ્ટરી છે.

માહિતિ સ્ત્રોત : રેશ્મા શાહ



# ‘અંકુર’નું પોતીકા મકાનનું સપનું સિદ્ધ થયું

## રઝળપાટ

‘અંકુર’ શાળા રેડક્રોસ પાસેથી પાછી સંભાળી પરંતુ તેને બેસાડવી કયાં તે એક સમસ્યા હતી. સદ્‌ભાગ્યે તે સમયે હું અંધશાળામાં મંત્રી હતો. ‘અંકુર’ ને અંધશાળાના કન્યા છાત્રાલયમાં થોડી અગવડતા વેઠીને પણ બેસવાની સગવડતા કરી આપવા હું ટ્રસ્ટીઓને સમજાવી શક્યો. ત્યાં પણ જગ્યાના અભાવે કયારેક રસોડાના સ્ટોર રૂમમાં, કયારેક પેસેજમાં તો કયારેક હૉસ્પિટલના થેરાપી રૂમમાં ‘અંકુર’ શાળાને ફેરવવી પડતી. આ હેરવણી-ફેરવણીમાં સ્ટાફને ઘણી તકલીફ પડે તે સ્વાભાવિક છે. આ રીતે ૧૯૮૬ થી ૧૯૯૮, બાર વરસ સુધી ‘અંકુર’ શાળા અંધશાળામાં ચાલી. પછી અંધશાળાના છાત્રાલયની જગ્યામાં ડાઈનિંગ હૉલ બનાવવાનું નક્કી થતાં ‘અંકુર’ ને બે ત્રણ વરસ સુધી બહેરાં મૂંગાં શાળાનાં છાત્રાલયમાં અને સ્પોર્ટ્સ રૂમના એક મોટા હોલમાં ફેરવવામાં આવી. આમ વર્ષો સુધી દુનિયામાં અહીંતહીં ભટકતા રહેલાં યહૂદીઓની જેમ‘અંકુર’ નો રઝળપાટ ચાલતો રહ્યો.

## કાર્યકર્તાઓએ લેવા જેવો બોધપાઠ

આ રીતે અંધશાળા અને બહેરાં મૂંગાં શાળાએ 'અંકુર' ને પોતાનામાં સમાવી લઈને ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડયું છે, તેનો યશ સંસ્થાના ટ્રસ્ટીઓને જાય છે. સંસ્થાઓના કાર્યકર્તાઓ વચ્ચે સુમેળ હોય અને કોઈને ઉપયોગી થવાની ભાવના હોય ત્યારે આવો અદ્ભુત વિકાસ શક્ય બને છે. એ બોધપાઠ દરેક કાર્યકર્તાઓએ લેવા જેવો છે.



## લીઝ હોલ્ડ પ્લોટ મળ્યો


આ રઝળપાટનો અંત લાવવા 'અંકુર' ને પોતિકા મકાન માટે જમીન જોઈએ. ચૌદ વરસનાં લાંબા સંઘર્ષ પછી ૧૯૯૩માં અમે ભાવનગરના સરદારનગરમાં ૧૬૦૦ ચો. વા. નો લીઝ હોલ્ડ પ્લોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી મેળવી શકયા.

## 'અંકુર' શાળાનું અદ્ભુત આર્કિટેક્ચરલ

'અંકુર' નું મકાન બહેરાં મૂંગાં શાળા જેવું વિશિષ્ટ શૈલીનું બનાવવાનું મારું સપનું હતું. જેમાં બાળકોને અવરોધ મુકત વાતાવરણ અને પૂરતા હવા-ઉજાસ મળી શકે. બાહોશ આર્કિટેક્ટ ધનસુખભાઈ ભટ્ટે નાની જગ્યા છતાં 'અંકુર'નાં મકાનની અદ્ભુત ડિઝાઈન બનાવી આપી. જેમાં મેન્ટેનન્સ ફ્રી દીવાલો, બારી, દરવાજા અને ડોમમાં વૈવિધ્યપૂર્ણ રંગોનો ખૂબીપૂર્વક ઉપયોગ કર્યો છે. જે માત્ર બાળકોનું નહીં પરંતુ મોટેરાંઓનું પણ મન હરી લે છે.



# પ્રમુખદાતા બદલાયા



દેવચંદભાઈ તળાજિયા

'અંકુર' શાળાના મકાનનું બાંધકામ બેઝમેન્ટ+થ્રી, ૨૦,૦૦૦ સ્કે. ફીટ થવા જતું હતું. જે માટે ઓછામાં ઓછા એક કરોડ રૂપિયાની જરૂર હતી. સંસ્થા પાસે ફંડ ન હતું. સ્વ. જયંતીભાઈ તળાજીયાએ જાહેર કરેલા સવા લાખ રૂપિયા હજુ સુધી આવ્યા ન હતા. અને આવે તો પણ આટલી રકમમાં આટલો મોટો પ્રોજેક્ટ થાય નહીં. ડોનેશનની રકમ વધારી આપવા માટે દાતા પરિવાર સાથે બે ત્રણ વરસ વાટાઘાટો ચાલી. છેવટે સ્વ. જયંતીભાઈના વેવાઈ શશીકાંતભાઈ વેલાણી તથા તેના મિત્ર પ્રાણજીભાઈ પારેખ વગેરેની દરમ્યાનગીરી પછી રૂા. ૭,૦૧,૦૦૧નું ડોનેશન આપવા દાતા પરિવાર સહમત થયો અને તે માટે સ્વ. જયંતીભાઈને બદલે તેના મોટાભાઈ સ્વ. દેવચંદભાઈ મૂળજીભાઈ તળાજિયા અને સ્વ. ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજિયા 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા ટ્રસ્ટ એમ નામ રાખવાનું નક્કી થયું. આ રીતે પ્રમુખ દાતા બદલાયા. આ દેવચંદભાઈને મુંબઈના રમખાણમાં પગમાં ગોળી વાગેલી. તેમાંથી ગેંગ્રીન થતા એક પગ કપાવવો પડેલો ત્યારથી તે બગલ ઘોડી કે વ્હિલચેરનો ઉપયોગ કરતા. દેવચંદભાઈ ભાવનગરમાં વધારે રહેતા હતા. તેને કોઈ બાળક ન હતું. 'અંકુર'નાં બાળકો સાથે તેને માયા બંધાણી. એ 'અંકુર'માં ઓતપ્રોત થઈ ગયા, અને શાળાનું મકાન ગમે તેમ કરી ઊભું કરવા પ્રવૃત થયા. દરમ્યાન સ્વ. જયંતીભાઈના પુત્ર દીપકભાઈ રૂા.૩,૫૧,૦૦૦ બેઝમેન્ટમાં વ્યાવસાયિક તાલીમકેન્દ્ર માટે આપવા સહમત થયા. તે માટે આ કેન્દ્રને તેમના માતુશ્રી ચંદ્રાબહેન જયંતીલાલ તળાજિયા - નામ આપવાનું નક્કી થયું. આમ, મકાન બાંધવા સવા લાખને બદલે હવે દસેક લાખનું ફંડ થઈ જતા અમે બાંધકામ શરૂ કરવાનું નક્કી કર્યું. ૬ ઑગસ્ટ ૧૯૯૪ના દિવસે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીછબીલદાસ મહેતાના વરદ્ હસ્તે શાળાના મકાનની શિલાન્યાસ વિધિ સંપન્ન થઈ.





ગુજરાતના મુખ્યમંત્રી છબીલદાસ મહેતાનાં વરદ્ હસ્તે શાળાના મકાનનો શિલાન્યાસ સંપન્ન થયો

**બાર વરસ સુધી 'અંકુર' શાળા અંધશાળામાં ચાલી. પછી અંધશાળાના છાત્રાલયની જગ્યામાં ડાઈનિંગ હોલ બનાવવાનું નક્કી થતાં 'અંકુર'ને બે ત્રણ વરસ સુધી બહેરાં મૂંગાં શાળાના છાત્રાલયમાં અને સ્પોર્ટ્સ રૂમના એક મોટા હોલમાં ફેરવવામાં આવી.**

## બાંધકામમાં અવરોધ

'અંકુર'ની જમીનમાં બેન્ટોનાઈટ અને કાળી ચીકણી માટી નીકળી. બેઝમેન્ટ માટે ખોદકામકર્યું ત્યાં વરસાદ આવ્યો. ખાડો ધસી પડેલી માટી અને પાણીથી ભરાઈ ગયો. આ પાણી મહિનાઓ સુધી સુકાયું નહીં. છ એક મહિના પછી કામ શરૂ થઈ શક્યું. ત્યાં પાછો વરસાદ. બે વરસ આવું ચાલતું રહ્યું. ત્યારે મહામુશ્કેલીએ ફર્સ્ટ ફ્લોર સુધીનું બાંધકામ પૂરું થઈ શક્યું. ત્યાં ૨૦૦૧માં, કચ્છનો ધરતીકંપ આવ્યો. ભાવનગરમાં પણ તેની અસર થઈ હતી. સરકારના આદેશથી એકાદ વરસ બધાં બાંધકામો બંધ રહ્યાં. આમ, એક તરફ બાંધકામમાં મોડું થતા નુકસાની વધતી જતી હતી અને બીજી તરફ જોઈએ તેવું ફંડ થતું ન હતું. આ બધા અવરોધને અવગણીને ૨૦૦૪ માં દસ વર્ષે 'અંકુર' શાળાનું બાંધકામ પૂરું કરી શકાયું.

## ખરી કસોટી બિલ્ડિંગ ફંડ મેળવવામાં

ભાવનગરમાંથી 'અંકુર'નું મકાન બાંધવા માટે જરૂરી ફંડ ભેગું થાય તેમ ન હતું. પ્રમુખ દાતાઓના દસ લાખ વપરાઈ ગયા હતા. કામમાં ઉધારી ચાલતી હતી. દરમ્યાન આઈસલેન્ડથી ખુશેન્દ્રભાઈ દેસાઈ, તેમના પત્ની અને બા સાથે, મારા ભાઈ અશ્વિનના ઘરે મહેમાન બનીને આવ્યાં. અશ્વિનની પત્ની ભાવના ખુશેન્દ્રભાઈના ફૈબાની દીકરી થાય. અમે તેને 'અંકુર' જોવા લઈ આવ્યા. મકાનનું સ્ટ્રક્ચર ઊભું થઈ ગયું હતું.



જયંતીલાલ દેસાઈ



વસંતબહેન દેસાઈ

પ્લાસ્ટર, લાદી વગેરે કામ ચાલતું હતું. મંદબુદ્ધિવાળા બાળકો માટે થતું કામ જોઈને એ સૌ પ્રભાવિત થયા. તેમને સહાય માટે અપીલ કરતાં પિતાશ્રી જયંતિલાલ દેસાઈ અને માતુશ્રી વસંતબહેનનાં નામે કોમ્યુનિટી હોલનાં ડોમ અને ચાર ક્લાસ રૂમ માટે



ખુશેન્દ્રભાઈ દેસાઈ પત્ની થોરૂનબહેન સાથે

રૂા.૭,૫૦,૦૦૦નું દાન આપ્યું. અમને જાણે ઑક્સિજન મળી ગયો. તે સમયે મુંબઈ કમિટીમાં શામજીકાકા, કાંતિભાઈ શાહ અને બાબુભાઈ સંઘવી સક્રિય હતા. આ શ્રેષ્ઠીઓ પણ 'અંકુર'ની ચિંતા કરતા હતા. પૈસા વગર બાંધકામ અટકી પડે તેમ છે તે જાણીને કાંતિભાઈએ કે.એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી રૂા. ૧૦,૦૦,૦૦૦ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર માટે મોકલાવી આપ્યા. દરમ્યાન રૂમના ડોનેશન માટે હું અને મનુભાઈ શેઠ મુંબઈ જઈને ઠીક ઠીક ફંડ એકઠું કરી આવ્યા. ત્યાર પછી શામજીકાકાનું અવસાન થતા નટવરભાઈ દેસાઈએ મુંબઈ કમિટીનું નેતૃત્વ સંભાળ્યું.

## શાળાના મકાનનું ઉદ્‌ઘાટન

૨ એપ્રિલ ૨૦૦૨ ના રોજ મહામંડલેશ્વર સંતોષીમાતાની વિશેષ ઉપસ્થિતિમાં, બાબુભાઈ સંઘવીના પ્રમુખ

સ્થાને યોજાયેલા સમારંભમાં મદનલાલ દાલમિયાએ દીપ પ્રકટાવી 'અંકુર'નાં મકાનનું ઉદ્‌ઘાટન કર્યું.આ ઉદ્‌ઘાટન પ્રસંગે ફર્સ્ટ ફ્લોરના બાંધકામ માટે ૨૧ લાખના દાન જાહેર થયા એટલે બાકી રહેલા બાંધકામને વેગ મળ્યો.

## કરજ ચૂકવાયું અને કોર્પસ ફંડ માટે ઉત્સાહ વધ્યો

'અંકુર'નું બાંધકામ તો પૂરું થઈ ગયું, પરંતુ બાંધકામના ઘણાં બિલો ચૂકવવાનાં બાકી હતાં. એ સંજોગોમાં પી.એન.આર. સોસાયટીના રૂા. ૫ લાખ, શ્રી મુમ્બાદેવી મંદિર ચેરિટિઝના રૂા. ૧૧ લાખ, જિલ્લા આયોજન મંડળના રૂા. ૫ લાખ, વી.સી. મહેતા યુ.એસ.એ.ના રૂા. ૫ લાખ, મહાલક્ષ્મી ટેમ્પલ ચેરિટિઝના રૂા. ૫ લાખ તેમજ વજુભાઈ મહેતા-માન્ચેસ્ટર તરફથી રૂા.૩ લાખ ઉપરાંત દરેક રૂમ ઉપર દાન મેળવવામાં સફળતા મળી. આ ડોનેશનમાંથી મકાન બાંધકામ માટે કરેલું 'અંકુર' માથેનું કરજ ચૂકવી શકાયું અને મેન્ટેનન્સ માટે કોર્પસ ફંડની શરૂઆત થઈ શકી. ત્યાર પછી સંસ્થાની મુંબઈ કમિટીના કાર્યકરો હર્ષદભાઈ શેઠ અને નરેન્દ્રભાઈ શેઠ (ગલિયાકોટવાળા) પરિવાર તરફથી રૂા. ૨૦ લાખ અને મુંબઈ કમિટીના ચેરમેન નરેન્દ્રભાઈ શાહના પ્રયત્નોથી તેમના સ્નેહી પ્રદીપભાઈ શાહ તરફથી રૂા. ૧૨ લાખ ના માતબર દાન મળતા કોર્પસ ફંડ માટે ઉત્સાહ વધ્યો.

**૨૦૧૯ સુધીમાં ૭૦૦ જેટલા બાળકો શિક્ષણ અને તાલીમ માટે 'અંકુર'માં જોડાયા અને હજારો બાળકો-વાલીઓએ નિદાન, સારવાર અને કાઉન્સેલિંગનો લાભ લીધો.**

## પ્રવૃત્તિઓથી ધમધમતું 'અંકુર'

જિલ્લાની એક માત્ર ડે સ્કૂલ 'અંકુર' સ્પેશ્યલ એજ્યુકેશન, ક્લિનિકલ થેરાપેટિક પેરામેડિકલ ટ્રિટમેન્ટ, ફિઝિયો ઓક્યુપેશનલ થેરાપી, સ્પીચ થેરાપી, આર્ટ, મ્યુઝિક અને પ્લે થેરાપી, મેનપાવર ડેવલપમેન્ટ તેમજ મલ્ટી ડાયમેન્શનલ સાયકોસોસિયો એક્ટિવિટી, વૉકેશનલ ટ્રેનિંગ, લિગલ ગાર્ડિયનશિપ વગેરે પ્રવૃત્તિઓથી આજે ધમધમે છે. ૨૦૧૯ સુધીમાં ૭૦૦ જેટલાં બાળકો શિક્ષણ અને તાલીમ માટે 'અંકુર'માં જોડાયાં અને હજારો બાળકો અને વાલીઓએ નિદાન, સારવાર અને કાઉન્સેલિંગનો લાભ લીધો. ઝિરો બજેટથી શરૂ થયેલ 'અંકુર' શાળાનું વાર્ષિક બજેટ વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂપિયા ૧ કરોડથી વધુ થયું હતું.

આમ, એક બીજમાંથી 'અંકુર' આજે વટવૃક્ષ બની ગયું છે અને તેના છાંયડામાં કંઈ કેટલાંય લોકો સાંત્વન મેળવી રહ્યાં છે.



શાળાનાં બાળકો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સાનિધ્યમાં - ગાંધીનગર

# ‘અંકુર’ શાળા : નેતૃત્વ અને પડકાર



## સાથી મફતભાઈ ધૂણી ધખાવીને બેઠા

એક બીજમાંથી વટવૃક્ષ બનેલી ‘અંકુર’ શાળા ગુજરાતની શ્રેષ્ઠ શાળાઓ પૈકીની એક છે. ખરા અર્થમાં ‘અંકુર’ એક શાળા નહીં પરંતુ મંદબુદ્ધિવાળા બાળકોના સર્વાંગી વિકાસની જીવનશાળા છે. ‘અંકુર’ને આ ઊંચાઈ પર લઈ જવામાં કાર્યકર્તાઓ અને કર્મચારીઓનું મહત્ત્વનું પ્રદાન છે. પોતાના અસ્તિત્વ માટે ઝઝૂમતા ‘અંકુર’ને મિશન સમજીને બેસે એવા વિઝનરી વ્યકિતની જરૂરત હતી. મકાન તૈયાર થયું ત્યારે સાથી મફતભાઈ (અનંત એ. શાહ) સેન્ટ્રલ સોલ્ટની નોકરીમાંથી રિટાયર્ડ થયા હતા અને તે એક મિશન સમજીને ૧૯૯૯ થી ૨૦૧૨ સુધી ‘અંકુર’ માં ધૂણી ધખાવીને બેઠા. તેમાં પત્ની ઈંદિરાબેનનો સંગાથ મળ્યો. તેમના પૂરા સમર્પણથી સંસ્થાનો અદ્‌ભુત વિકાસ થયો. તેમણે એક કલ્ચર ઊભું કર્યું, તેનું પ્રતિબિંબ આજે જોઈ શકાય છે.

## નવું નેતૃત્વ

‘અનંત ત્રિપુટી’ના અમે ત્રણેય મિત્રો સંસ્થાઓમાં દ્વિતીય હરોળ ઊભી કરવા હંમેશાં સજાગ રહ્યાં છીએ. કામમુશ્કેલ છે, પણ અશક્ય નથી.‘અંકુર’માં વિનુભાઈ હકાણી મંત્રી, ટ્રેઝરર અને ઉપપ્રમુખ જેવા હોદ્દા ઉપર રહીને ઘડાયા છે. પોતે એક સિવિયર હેન્ડિકેપ્ડ મંદબુદ્ધિવાળા પુત્રના પિતા છે. વાલીઓની વ્યથા બીજા કોઈ કરતા તે વધુ જાણે છે. ઉપરાંત તેઓ આ સ્પેશ્યલ બાળકોની સમસ્યાઓ અને તેના નિરાકરણનું



અલ્પેશ શેઠ



ધીરૂભાઈ ધંધુકિયા



વિનુભાઈ હકાણી



દેવલભાઈ શાહ

ઊંડું જ્ઞાન ધરાવે છે. ઘરના કઠિન સંજોગોમાં પણ તેમણે સેવાની જ્યોત જલતી રાખી છે. આવા કાર્યકરો સંસ્થાની મૂડી ગણાય. માનદ્ મંત્રીની જગ્યા સંભાળે એવા અલ્પેશભાઈ શેઠ સંસ્થામાં જોડાયા એટલે મફતભાઈએ પોતાના કામનો હવાલો તેને સોંપ્યો. સંસ્થામાં કામ કરતાં કરતાં તેમનું ઘડતર થયું છે. તેઓ મેનેજમેન્ટ કરી જાણે છે. તેમની સાથે ધીરુભાઈ ધંધુકિયા, દેવલભાઈ શાહ વગેરે આશાસ્પદ અને સક્રિય કાર્યકરોનું જૂથ બની રહ્યું છે. સંસ્થાનું વર્તુળ મોટું થવું એ ઘણું અગત્યનું છે. જો કે પૂર્ણ સમયના એક કાર્યકરની ખોટ વરતાય છે. સંસ્થાને કોઈ ચિટકીને બેસે એવા કાર્યકરની જરૂર તો છે જ.

## સંસ્થાના આધારસ્થંભ

કાર્યકર્તાઓ અને કર્મચારીઓ એ સંસ્થાના આધારસ્થંભ છે. 'અંકુર' તે માટે ભાગ્યશાળી છે. તેની પાસે નિષ્ઠાવાળા સમર્પિત કર્મચારીઓ છે. કર્મચારીઓમાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત સાથે રાષ્ટ્રીયકક્ષાએ સંસ્થાનું પ્રતિનિધિત્વ કરતાં રેશ્મા શાહ છે, તો સફળ મેનેજમેન્ટ કરી જાણતા પ્રિન્સિપાલ મેઘજીખાન સાયબાણી, મ્યુઝિકથેરાપી માટે જાણીતા ગાયક ડૉ.ભાવનાબહેન મહેતા, કોમ્પ્યિયરિંગ તેમજ સાહિત્ય જગતમાં દેશવિદેશમાં જાણીતા નેહલબહેન ગઢવી અને તેની સાથે આનુષંગિક પ્રવૃત્તિમાં તજજ્ઞ શિક્ષકગણનું મોટું ઉત્સાહી જૂથ પણ છે. આમ, આ મજબૂત આધાર સ્થંભોને કારણે સંસ્થાનું ભવિષ્ય ઉજ્જવળ છે.



**રેશ્મા શાહ**



**મેઘજીખાન સાયબાની**



**નેહલબહેન ગઢવી**



**ભાવનાબહેન મહેતા**

સામાન્ય રીતે સંસ્થાની આર્થિક જરૂરિયાતો પૂરી કરવાની જવાબદારી ટ્રસ્ટીઓની હોય છે. જ્યારે 'અંકુર' માં તો કર્મચારીઓ પણ આ કપરી કામગીરીમાં ટ્રસ્ટીઓ સાથે ખભેખભા મિલાવીને કામકરતા આવ્યા છે, એ તેનું જમા પાસુ છે.




## કેડી કંડારતાં નેહલબહેન ગઢવી

સંસ્થાઓ માટે ફંડ એકઠું કરવામાં પ્રવૃત્ત, નટવરભાઈ દેસાઈનું તાજેતરમાં દુ:ખદ અવસાન થયું ત્યારે જે શૂન્યાવકાશ સર્જાયો તેની ચિંતા હતી. નેહલબહેન ગઢવીએ 'અંકુર'ના બાળકોના લાભાર્થે સાંઈરામદવેના કાર્યક્રમનું આયોજન કર્યું. તેમણે મીડિયાનો સમજપૂર્વક ઉપયોગ કર્યો. પૂ. મોરારિબાપુ, અને ખુદ સાંઈરામે આ કાર્યક્રમને પીઠબળ પૂરું પાડયું. દેશવિદેશમાં સંસ્થાની ખ્યાતિ વધી, સંસ્થાના શુભચિંતકોનું વર્તુળ મોટું થયું. કાર્યક્રમની સફળતાએ સંસ્થાને રૂા. ૪૦ લાખ જેવું અનુદાન એકત્રિત કરી આપ્યું જે 'અંકુર'ના ઈતિહાસમાં પહેલી વખત બન્યું. સંસ્થાનાં કર્મચારીઓ કોઈ અપેક્ષા વગર સંસ્થા માટે પરિશ્રમ કરીને ફંડ એકત્રિત કરે એ વિચાર જ અદ્‌ભુત છે. સંસ્થામાં આમ એક નવી કેડી કંડારવા માટે નેહલબહેન ગઢવી અભિનંદનના અધિકારી છે.

**નેહલબેન ગઢવીએ 'અંકુર'ના બાળકોના લાભાર્થે સાંઈરામ દવેના કાર્યક્રમનું આયોજન કર્યું.**

## પડકાર

'અંકુર'નાં વિકાસ માટે ઓછી જગ્યા એ એક પડકાર છે. બહુ મુશ્કેલીથી એક નાનો પ્લોટ મળ્યો હતો. બાકી FSI હતી તેમાં અત્યારે બાંધકામ ચાલે છે. હવે 'અંકુર'નાં વિકાસ માટે પ્રશ્નાર્થ છે. આમ પણ 'અંકુર' એક ડે સ્કૂલ છે. તેથી માત્ર ભાવનગર શહેરનાં બાળકોનેજ તેનો લાભ મળી શકે છે. જિલ્લાનાં અન્ય બાળકો તેની સુવિધાથી વંચિત રહી જાય છે. તેની આ મર્યાદા છે. છાત્રાલય બને, તો ઘણાંને લાભ મળી શકે, પરંતુ છાત્રાલય કરવું કે નહીં અને કરવું તો માત્ર છોકરાઓ માટે, છોકરીઓ માટે કે બંને માટે તે અંગે મત મતાંતર છે. આ સ્પેશ્યલ બાળકોનું છાત્રાલય ઘણી કાળજી માગે તે વાત પણ ખરી છે. વળી છાત્રાલય માટે જમીન મેળવવાનું ઘણું જ મુશ્કેલ છે, એટલું જ મુશ્કેલ તેને ચલાવવા માટે ગ્રાન્ટ મેળવવાનું છે. એ સંજોગોમાં છાત્રાલયનું સપનું ધૂંધળું થતું જાય છે.

## સ્પેશિયલ સ્કૂલનું ભવિષ્ય

દેશમાં વિકલાંગો માટે હવે ઈનકલ્યુઝિવ એજ્યુકેશનની શરૂઆત થઈ ગઈ છે. સરકારને મન હવે સ્પેશિયલ સ્કૂલોનું બહુ મહત્વ નથી રહેવાનું. એ સંજોગોમાં ટકી રહેવા 'અંકુર' જેવી સ્પેશિયલ સ્કૂલોએ બદલાવું પડશે. જે ઈનકલ્યુઝિવમાં નથી મળતું તે આપવું પડશે. આમ કરીને તે પોતાની સ્પેશ્યાલિટી સાબિત કરી શકે.

આ પડકારો સામે 'અંકુર'નું નેતૃત્વ ખરું ઉતરશે તેવી પ્રબળ શ્રધ્ધા છે.



**અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા**

**પ્લોટ નં. ૧૯૪૫, વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ પાસે, સરદારનગર સર્કલ, ભાવનગર-૩૬૪ ૦૦૨**

**ફોન નં. :** (0278) 2566956, 2573038

**ઇ મેઇલ :** ankurmrschool.bvn@gmail.com